RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 18 * Date: 06.11.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

અમેરિકન કોંગ્રેસમાં ડેમોક્રેટ્સના દબદબાથી ભારતને ફાયદો જ

ફાયદો, વેપાર કરારથી H-1B વિઝા સુધી ટ્રમ્પ પર ભારે દબાણ



અમેરિકાની સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીના વર્ચસ્વથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી શકે છે. આના કારણે ભારત માટે વેપાર કરાર અને ઝ્ઁ-૧ મ્વિઝા જેવા મુદ્દાઓ પર નવી તકો ઊભી થઈ શકે છે. જોકે, પાકિસ્તાન માટે ટ્રમ્પ પરિવાર સાથેના વ્યવસાયિક સોદાઓ પર તપાસનું જોખમ વધ્યું છે. ડેમોક્રેટ્સ ટ્રમ્પની વિદેશ નીતિ અને તેમના પરિવારના વ્યવસાયિક હિતોની તપાસ કરવાના સંકેત આપી ચૂક્યા છે.મેરિકાની સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીના વર્ચસ્વથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી શકે છે. મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામો બાદ ટ્રમ્પને પોતાના એજન્ડા અને નીતિઓ આગળ વધારવામાં કોંગ્રેસના વિરોધનો સામનો કરવો પડી શકે છે. તેની અસર ભારત અને પાકિસ્તાન સાથેના અમેરિકાના સંબંધો પર પણ પડી શકે છે. ખાસ કરીને ભારત માટે ટ્રમ્પની ટૅરિફ નીતિ, અટવાયેલા વેપાર કરાર અને ઝ્ઁ-૧ મ્વિઝા જેવા મુદ્દાઓ પર નવી તકો ઊભી થઈ શકે છે. જોકે, ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ સંપૂર્ણપણે દૂર થઈ જશે એવું નથી. ટ્રમ્પ જાન્યુઆરી ૨૦૨૯ સુધી પ્રમુખપદે રહેશે, પરંતુ હવે તેમના નિર્ણયો અને વિદેશ નીતિ પર ડેમોક્રેટ્સ વધુ સવાલ ઉઠાવી શકે છે. ડેમોક્રેટિક નેતાઓ ટ્રમ્પની વિદેશ નીતિ અને તેમના પરિવારના વ્યવસાયિક હિતોની તપાસ કરવાના સંકેત આપી ચૂક્યા છેઅમેરિકી કોંગ્રેસમાં બદલાયેલા રાજકીય સમીકરણની ભારત પર સૌથી સીધી અસર વેપાર કરારની વાટાઘાટમાં જોવા મળી શકે છે. ટ્રમ્પ માટે આ પરિણામ બાદ પોતાની રાજકીય છબી મજબૂત કરવા વિદેશ નીતિમાં કોઈ મોટી સફળતા મેળવવી મહત્ત્વપૂર્ણ બની શકે છે. આથી ભારત સાથે ઝડપથી વેપાર કરાર કરવો તેમના એજન્ડામાં આવી શકે છે. બીજી તરફ, ભારત પણ આ સ્થિતિનો ઉપયોગ પોતાના હિતમાં વધુ સારી શરતો મેળવવા માટે કરી શકે છે. ભારત લાંબા સમયથી વેપાર કરાર અંગે વાટાઘાટ કરી રહ્યું છે. ભારતની માગ છે કે તેને ચીન અને વિયેતનામ જેવા સ્પર્ધક દેશોની સરખામણીમાં વધુ અનુકૂળ ટેરિફ શરતો મળે. અમેરિકી વહીવટીતંત્રે ભારત સહિત કેટલાક દેશોની વ્યૂહાત્મક વધારાની ઉત્પાદન ક્ષમતા અંગે ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળ તપાસ પણ શરૂ કરી છે. આ મુદ્દો પણ વેપાર કરારની વાટાઘાટમાં અવરોધ બની રહ્યો છે.ડેમોક્રેટ્સના વર્ચસ્વને કારણે ટ્રમ્પ પર ટૅરિફ નીતિની અસર અંગે સવાલો વધી શકે છે. અમેરિકી કંપનીઓ અને ગ્રાહકો પર ટૅરિફની શું અસર થઈ રહી છે તેની તપાસ દ્વારા વહીવટીતંત્ર પર નીતિમાં ફેરફાર કરવાનું દબાણ ઊભું થઈ શકે છે. જોકે, કોંગ્રેસમાં ડેમોક્રેટ્સનું વર્ચસ્વ હોવા છતાં ટ્રમ્પ પોતાની કાર્યકારી સત્તાનો ઉપયોગ કરીને ટૅરિફ લગાવી શકે છે.ભારતીયો માટે બીજો મહત્ત્વનો મુદ્દો ઝ્ઁ-૧ મ્ વિઝા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે કુશળ વિદેશી કર્મચારીઓ, ખાસ કરીને ઝ્ઁ-૧ મ્ વિઝા હેઠળ અમેરિકામાં કામ કરતા પ્રોફેશનલ્સ પર નિયંત્રણો કડક કર્યા છે. તેની અસર ભારતીય ટેક પ્રોફેશનલ્સ અને તેમને નોકરી આપતી અમેરિકી ટેક કંપનીઓ પર પડી છે. વહીવટીતંત્રે ઝ્ઁ-૧ મ્ વિઝા માટે એક લાખ અમેરિકી ડૉલરની ઊંચી ફી લાગુ કરી છે. આ ઉપરાંત, જે કંપનીઓ અમેરિકી કર્મચારીઓની છટણી કરી રહી છે તેમની ઝ્ઁ-૧ મ્ વિઝા અરજીઓની વધુ તપાસ કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. ઝ્ઁ-૧ મ્ વિઝા મેળવનારાઓમાં આશરે દર ચારમાંથી ત્રણ ભારતીય નાગરિકો હોય છે. આથી અમેરિકાની ટૅક્નોલૉજી ઇન્ડસ્ટ્રીમાં ભારતીય પ્રોફેશનલ્સનું મહત્ત્વ ઘણું વધારે છે.

ચૂંટણીમાં હાર્યા બાદ ટ્રમ્પ સરકાર ભારતની પાછળ પડી, ઈરાન સાથે સંબંધોના બહાને ૯ કંપની સામે બૅન મૂક્યો



અમેરિકાએ ભારતીય ઉદ્યોગપતિ સુનીલ કુમાર શર્મા, તેમની પત્ની અને ૯ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈરાનના પ્રતિબંધિત તેલ કારોબારને મદદ કરવાના આરોપસર આ કાર્યવાહી થઈ છે. ચંદીગઢથી સંચાલિત આ નેટવર્કે જહાજો માટે નકલી રજિસ્ટ્રેશન બનાવ્યા હતા. અમેરિકી નાણા મંત્રાલયે 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ આ કડક પગલું ભર્યું છે. અમેરિકામાં તાજેતરમાં સંપન્ન થયેલી મિડટર્મ ચૂંટણીમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને કરારી હારનો સામનો કરવો પડ્યો છે, જેના પગલે હવે ટ્રમ્પ પ્રશાસને ભારત પર ફરીથી આર્થિક અને રાજકીય શિકંજો કસવાનું શરૂ કરી દીધું છે. ઈરાનના પ્રતિબંધિત તેલ કારોબારને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોમાંથી બચાવવામાં મદદ કરવાના ગંભીર આક્ષેપ હેઠળ અમેરિકાએ એક ભારતીય કારોબારી, તેમની પત્ની તેમજ ભારત સ્થિત નવ કંપનીઓ પર કડક પ્રતિબંધો મૂક્યા છે.ચંદીગઢથી ઓપરેટ થતું હતું ગેરકાયદે નેટવર્કઅમેરિકી નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર,આસમગ્ર જાળીદાર નેટવર્ક ભારતીય કારોબારી સુનીલ કુમાર શર્મા અને તેમની પત્ની જસપ્રીત પ્રીતિ શાહિદ દ્વારા ચંદીગઢથી ઓપરેટ કરવામાં આવી રહ્યું હતું. આ દંપતી પર આરોપ છે કે તેઓએ જહાજો માટે નકલી સમુદ્રી રજિસ્ટ્રેશન (ફર્જી મેરિટાઇમ રજિસ્ટ્રી) અને ધ્વજ પ્રમાણપત્રો તૈયાર કરાવ્યા હતા, જેના કારણે ઈરાની તેલ વહન કરતા જહાજો વૈશ્વિક પ્રતિબંધો છતાં સરળતાથીપોતાનું ઓપરેશન ચાલુ રાખી શક્યા હતા. આ નેટવર્કે અરુબા, ગિયાના, મોઝામ્બિક, મલાવી, સિન્ટ માર્ટેન અને તિમોર-લેસ્તે જેવા વિવિધ દેશોના નામેફર્જી વેબસાઇટ્સ અને રજિસ્ટ્રીઓ ઊભી કરી હતી.ભારતની આ ૯ કંપનીઓ અને સંસ્થાઓ આવી દાયરામાંઅમેરિકી નાણા મંત્રાલય દ્વારા પ્રતિબંધિત કરાયેલી ભારતીય કંપનીઓ અને સંસ્થાઓમાં મુખ્યત્વે નીચેના નામ સામેલ છે:આ ઉપરાંત, સુનીલ શર્મા સાથે જોડાયેલી કંપનીઓમાં ડાયરેક્ટર તરીકે કામ કરતા અશ્વિની કુમાર ધિમાન અને ઈન્દ્રિદર સિંહ પર પણ ગાજ પડી છે.ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ કાર્યવાહીઅમેરિકી નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે જમીન, સમુદ્ર કે આકાશ માર્ગે ઈરાની શાસનને મદદ કરનારાઓને કોઈપણસંજોગોમાંછોડવામાં આવશેનહીં. ટ્રમ્પ સરકારના 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' અભિયાન અંતર્ગત ઈરાનની આર્થિક ગતિવિધિઓ અને ઓઈલ વેચાણની કમાણીને રોકવા માટે આ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. બીજી તરફ, અમેરિકાની ચૂંટણીમાં થયેલી આ હાર પાછળ ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષ અને તેના કારણે વધેલા ઈંધણના ભાવોને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ભારતીયોએ દબદબો જાળવ્યો, હાઉસમાં પાંચનો વિજય

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીમાં ભારતીય-અમેરિકનોએ શાનદાર દેખાવ કર્યો છે. અરુણા મિલર મેરીલેન્ડના ગવર્નર પદે ફરી ચૂંટાયા છે. ફ્લોરિડાથી પિયા દાંડિયાએ અમેરિકન કોંગ્રેસમાં પહોંચી ઈતિહાસ રચ્યો છે, તેઓ આ સિદ્ધિ મેળવનાર પ્રથમ એશિયન-આફ્રિકન મહિલા બન્યા છે. સુહાસ સુબ્રમણ્યમ, અમી બેરા, રો ખન્ના, પ્રમિલા જયપાલ પણ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાયા છેપિયા દાંડિયાએ ફ્લોરિડાથી અમેરિકન કોંગ્રેસમાં પહોંચી ઈતિહાસ રચ્યો આ સિદ્ધિ મેળવનારી પ્રથમ એશિયન-આફ્રિકન મહિ બનીપિયા દાંડિયવોશિંગ્ટન : અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીમાં કેટલાક ભારતીય અમેરિકને મજબૂત દેખાવ કરતા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પાંચ બેઠક જીત્યા છે અને મેરીલેન્ડની લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલરે બીજી ટર્મ મેળવી છે. આ ઉપરાંત હજી પણ બીજા કેટલાય ભારતીય અમેરિકન ઉમેદવારો જે યુએસ કોંગ્રેસ, રાજ્યોની વિધાનસભા અને સ્થાનિસ સ્તરે ચૂંટણી લડયા છે તેમના પરિણામની રાહ જોવાઈ રહી છે. આવા વિજેતા બનેલા ભારતીય અમેરિકનની વિગત અહીં અપાઈ છે.ડેમોક્રેટ પિયા દાંડિયા યુએસ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સમાં ફ્લોરિડાના ૨૨મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી રિપબ્લિકન કેસી એસ્કરને હરાવી જીતી છે. હાઈસ્કૂલની ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને શિક્ષક દાંડિયાનો જન્મ પામ બીચ ખાતે થયો હતો. તેના માબાપ ભારતથી આવેલા છે. આમ તે જાન્યુઆરીમાં શરુ થનારા નવા ૧૯મા ગૃહમાં કોંગ્રેસની સૌથી નવી ભારતીય અમેરિકન સભ્યહશે.સુહાસસુબ્રમણ્યમડેમોક્રેટિક સુહાસ સુબ્રમણ્યમ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં સળંગ બીજી ટર્મ ચૂંટાયા છે. તેમણે વર્જિનિયા ૧૦મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની બેઠક રિપબ્લિક ડેવ બેકોવિથને હરાવી જાળવી રાખી છે. ટેક્સાસના હ્યુસ્ટનમાં જન્મેલા સુબ્રમણ્યન વકીલ અને ઉદ્યોગસાહસિક છે. તેમણે ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સ સાથે કામ કરેલું છે અને પોતાના કારોબારની સ્થાપના કરી છે.ઓબામાના તંત્રમાં તે વ્હાઇટ હાઉસાના ટેકનોલોજી પોલિસી સહાલકાર તરીકે કામ કરી ચૂક્યા છે.






તંત્રી લેખ

સોના-ચાંદીમાં મોટો ભડકોઃ 'ભાવ હજુ ઘટશે' તેવી રાહ જોનારા પસ્તાયા, ૨ દિવસમાં ચાંદી રૂ.૧૩,૦૦૦ મોંઘી!

ઓક્ટોબર મહિનામાં સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયા બાદ નવેમ્બરની શરૂઆતમાં બજારનું ચિત્ર બદલાયું છે. છેલ્લા કેટલાક દિવસથી કિંમતી ધાતુઓમાં ચાલી રહેલી ઘટાડાની પ્રક્રિયા અટકી છે અને હવે ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુરુવારે પણ સ્ઝઠ પર સોના-ચાંદીના વાયદા ભાવમાં તેજી ચાલુ રહી હતી. ચાંદીનો ભાવ ૧.૯૦ લાખ રૂપિયા પ્રતિ કિલોને પાર પહોંચ્યો હતો, જ્યારે સોનું ૧.૪૬ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને વટાવી ગયું હતું.મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (સ્ઝઠ) પર ગુરુવારે ૪ ડિસેમ્બરની એક્સપાયરીવાળા ૨૪ કેરેટ સોનાના વાયદા ભાવમાં તેજી જોવા મળી હતી. કારોબારની શરૂઆત સાથે જ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૪૬,૧૦૯ રૂપિયા પર પહોંચ્યો હતો. અગાઉના કારોબારી દિવસે બુધવારે સોનું ૧,૪૩,૨૩૪ રૂપિયા પર બંધ થયું હતું. આમ, એક જ દિવસમાં સોનાના ભાવમાં ૨,૮૭૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો થયો હતો.ઑક્ટોબર મહિનામાં તહેવારોની મોસમ દરમિયાન સોનાના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

ચારધામની યાત્રાએ ગયેલા સુરતના એક જ પરિવારના ત્રણ લોકોનાં મોતઃઉત્તરકાશીમાં કાર નદીમાં ખાબકી



સુરતમાં રહેતા અને વકીલાત કરતા અશોકભાઈ પટેલ અને તેમના પરિવારને ઉત્તરકાશઈમાં ગંગોત્રી નેશનલ હાઈવે પર અકસ્માત નડતા ત્રણના મોત નિપજ્યા છે. જ્યારે અન્ય લોકોને ઈજા પહોંચતા સારવાહર માટે ખસેડવામાં આવ્યા છે. અશોકભાઈ પટેલ, પત્ની, બે સંતાનો અને અન્ય ત્રણ સંબંધી સાથે ૩૧ ઓક્ટોબરે સુરતથી ચારધામની યાત્રાએ નીકળ્યા હતા. આજે તેઓ ઈનોવા કારમાં ગંગોત્રી નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર ઊંડી ખીણમાં થઈ નદીમાં ખાબકી હતી.સુરતની શિવાલિક રેસિડેન્સીમાં આવેલા અશોકભાઈ પટેલના નિવાસસ્થાને ભાસ્કર પહોંચ્યું ત્યારે ઘર બંધ જોવા મળ્યું. પાડોશમાં રહેતા યુવાને જણાવ્યું હતું કે, વેદાંત(અશોકભાઈ પટેલનો પુત્ર) અને તેના પરિવારજનો ગંગોત્રીમાં હતા ત્યારે દર્શન કરાવ્યા હતા પરંતુ, વધુ વાતચીત થઈ નહોતી. આજે તેઓ કેદારનાથ જવા માટે નીકળ્યા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો. વેદાંત અને તેના પરિવારના લોકો ૩૧ ઓક્ટોબરે ચારધામની યાત્રા પર નીકળ્યા હતા.મળતી વિગત મુજબ ઉત્તરકાશીમાં સર્જાયેલા અકસ્માતમાં અશોકભાઈ પટેલ, તેમના પત્ની સુધાબેન પટેલ અને પુત્રી રૂતિકા પટેલનું મોત નિપજ્યું છે. જ્યારે વેદાંતને ગંભીર ઈજા પહોંચી હોય તેની સારવાર ચાલી રહી છે. કતારગામના સર્કલ ઓફિસર સંજય હડીયાએ જણાવ્યું હતું કે, ઉત્તરકાશી ડિઝાસ્ટરમાંથી મળેલી માહિતી મુજબ, ગંગોત્રી નેશનલ હાઈવે પાસેથી સાત લોકોથી ભરેલી ઈનોવા ગાડી ખાઈમાં પડી હતી. આ દુર્ઘટનામાં ડ્રાઈવર સહિત ચાર લોકોના મૃત્યુ થયા છે, બે લોકો લાપતા છે અને એક વ્યક્તિ ઘાયલ છે, જેને સારવાર અર્થે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. સુરતના બે લોકો, એક ડ્રાઈવર અને એક સુરેન્દ્રનગરના વ્યક્તિ સહિત કુલ ચાર લોકોનાં મૃત્યુ થયાં છે. અશોકભાઈના પરિવારમાંથી બે લોકોનાં મૃત્યુ થયાં છે, એક લાપતા છે અને તેમનો પુત્ર વેદાંત ઘાયલ છે જેને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.અકસ્માતમાં ભોગ બનેલા અશોકભાઈ પટેલ વકીલાત કરતા હતા. જ્યારે પુત્રી રૂતિકાએ બીસીએ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સરકારી નોકરી માટે તૈયારી કરતી હતી. પુત્ર વેદાંત ૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહ્યો છે. પટેલ પરિવાર મૂળ ધંધુકાના પચ્છમ ગામનો હોવાનું જાણવા મળ્યું છે.

સૂર્યકુમાર યાદવ હવે ઘરેલુ ક્રિકેટમાં મુંબઈ ટીમનો કેપ્ટન, જાણો કઈ બે ટ્રોફી જીતાડવાની જવાબદારી સોંપાઈ

૨૦ વર્લ્ડ કપ વિજેતા બેટ્સમેન સૂર્યકુમાર યાદવ હવે મુંબઈની ટીમનું નેતૃત્વ કરશે. સ્ઝઇએ સૂર્યાને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફી માટે કેપ્ટન બનાવ્યો છે. રણજી ટીમમાંથી બહાર રહ્યા બાદ સફેદ બોલના ફોર્મેટમાં તેને આ મહત્ત્વની જવાબદારી સોંપાઈ છે. મુંબઈ ૧૪ નવેમ્બરે કોલકાતામાં હૈદરાબાદ સામે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં અભિયાન શરૂ કરશે. આ સિઝન સૂર્યા માટે ઘણી ખાસ રહેશે.ભારતીય ટીમને ૨૦ વર્લ્ડ કપનો ખિતાબ અપાવનાર વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમાર યાદવ હવે સ્થાનિક ક્રિકેટમાં મુંબઈની ટીમનું નેતૃત્વ કરતો જોવા મળશે. મુંબઈ ક્રિકેટ એસોસિએશન (સ્ઝઇ)ની સિનિયર પસંદગી સમિતિએ સૂર્યાને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફી એમ બંને મહત્ત્વની ટુર્નામેન્ટો માટે ટીમનો કેપ્ટન બનાવવાનો નિર્ણય કર્યો છે. એક અહેવાલ મુજબ, સૂર્યકુમાર આ ચાલુ સિઝનમાં સફેદ બોલના બંને સ્થાનિક ફોર્મેટમાં મુંબઈની કમાન સંભાળશે.સૂર્યકુમાર યાદવને આ મહત્ત્વની જવાબદારી એવા સમયે સોંપવામાં આવી છે, જ્યારે ગત મહિને જ તેને મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં સ્થાન મળ્યું નહોતું. સૂર્યાએ સમગ્ર સ્થાનિક સિઝન માટે પોતાની ઉપલબ્ધતા દર્શાવી હોવા છતાં પસંદગીકારોએ તેને રેડ બોલ ટીમમાંથી બહાર રાખ્યો હતો. તે સમયે સિલેક્ટર્સની દલીલ હતી કે સૂર્યકુમારે તાજેતરના સમયમાં પૂરતું રેડ બોલ ક્રિકેટ રમ્યું નથી. જોકે, હવે સફેદ બોલના ફોર્મેટમાં ટીમની કમાન સોંપાતાં સૂર્યાની સ્થાનિક સિઝનને એક નવો વળાંક મળ્યો છે૧૪ નવેમ્બરથીમુંબઈના અભિયાનનો થશે પ્રારંભસૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈની ટીમ પોતાના અભિયાનની શરૂઆત ૧૪ નવેમ્બરે કોલકાતા ખાતે કરશે. એલિટ ગ્રુપ-ઢમાં મુંબઈની સાથે હૈદરાબાદ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, ઓડિશા, ઉત્તરાખંડ અને વિદર્ભની ટીમો સામેલ છે.

ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૭ની જાહેર રજાઓનું કેલેન્ડર બહાર પાડ્યું, જાણો કયા-કયા તહેવારોમાં રજા




ગુજરાત સરકારે ૨૦૨૭ માટે જાહેર રજાઓનું સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. સામાન્ય વહીવટ વિભાગ (ય્છઢ) દ્વારા જારી કરાયેલી યાદીમાં મકરસંક્રાંતિ, પ્રજાસત્તાક દિવસ, દિવાળી, નૂતન વર્ષ સહિતના મુખ્ય ૨૨ તહેવારોનો સમાવેશ છે. સરકારી કચેરીઓમાં આ રજાઓ પાળવામાં આવશે. વૈકલ્પિક રજાઓની યાદી પણ પ્રસિદ્ધ કરાઈ છે. શનિ-રવિવારે આવતી રજાઓ માટે અલગથી રજા નહીં મળે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (ય્છઢ) દ્વારા વર્ષ ૨૦૨૭ દરમિયાન રાજ્ય સરકારની તમામ સરકારી કચેરીઓમાં પાળવામાં આવનારી જાહેર જાહેર રજાઓ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેર રજાઓની યાદીમાં મુખ્ય ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મકરસંક્રાંતિ, પ્રજાસત્તાક દિવસ, મહાશિવરાત્રિ, રમઝાન ઈદ, ધૂળેટી, ગુડ ફ્રાઈડે, ચેટીચાંદ, ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ, રામનવમી, મહાવીર જન્મકલ્યાણક, બકરી ઈદ, મોહરમ, સ્વાતંત્ર્ય દિવસ, રક્ષાબંધન, જન્માષ્ટમી, સંવત્સરી, ગાંધી જયંતિ, દશેરા, દિવાળી તેમજ નૂતન વર્ષ સહિતના દિવસોનો સમાવેશ થાય છે.આ સિવાય સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી મુજબ મેળવી શકે તે માટે મરજિયાત (વૈકલ્પિક) રજાઓની યાદી પણ પ્રસિદ્ધ કરાઈ છે. જેમાં ભગવાન પરશુરામ જયંતિ, પારસી નૂતન વર્ષ, ઈદ-એ-મિલાદ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ સહિતના વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રસંગોનો સમાવેશ થાય છે.સરકારી જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો કોઈ જાહેર રજા મહિનાના બીજા કે ચોથા શનિવારે અથવા રવિવારના દિવસે આવશે, તો તેના બદલામાં અલગથી કોઈ રજા આપવામાં આવશે નહીં. વધુમાં, મુસ્લિમ સમુદાયના તહેવારોની રજાઓ ચાંદ દર્શનને આધીન રહેશે.

અમદાવાદના રસ્તા પર ફરતા ૧૫ વર્ષ જૂના વાહનો સીઝ કરો, પ્રદૂષણને કાબૂમાં લેવા AMC કમિશનરનો આદેશ

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે બુધવારે યોજેલી બેઠકમાં શહેરમાં પ્રદૂષણ નિયંત્રણ, જાહેર સુવિધાઓની જાળવણી અને દબાણો દૂર કરવા મુદ્દે અધિકારીઓને આકરા નિર્દેશ આપ્યા. તેમણે ૧૫ વર્ષ જૂના વાહનો સીઝ કરવા અને એરપોર્ટ-રાયખડના ગેરકાયદે બાંધકામો સીલ કરવા સૂચના આપી. કામગીરીમાં ઢીલાશ બદલ અધિકારીઓને શો-કોઝ નોટિસની ચીમકી પણ ઉચ્ચારી. ૫૨ નવા શૌચાલય બ્લોક બનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા અને ૪,૫૦૦ બસ સ્ટેન્ડ પર લાઇન દોરવાની તાકીદ કરી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરએ બુધવારે યોજેલી રિવ્યુ બેઠકમાં શહેરમાં પ્રદૂષણ નિયંત્રણથી લઈને જાહેર સુવિધાઓની જાળવણી અને દબાણો દૂર કરવા સુધીના મુદ્દે અધિકારીઓને આકરા નિર્દેશ આપ્યા હતા. બેઠકમાં ડેપ્યુટી કમિશનરો અને સંબંધિત અધિકારીઓની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરતાં તેમણે તેમની કાર્યપદ્ધતિની પણ ટીકા કરી હતી. અગાઉના ડેપ્યુટી કમિશનરોના કાર્યકાળમાં આવા પ્રશ્નો તેમની સમક્ષ આવતા નહોતા તેવી ટકોર પણ તેમણે કરી હતી.પ્રદૂષણ નિયંત્રણના મુદ્દે આરટીઓ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ય્ઝમ)ના અધિકારીઓની હાજરીમાં ચર્ચા કરવામાં આવી હતી. એરપોર્ટ અને રાયખડ વિસ્તારમાં નિયમોનું પાલન કર્યા વિના ચાલી રહેલાં બાંધકામનાં સ્થળોને સીલ કરવા કમિશનરે સૂચના આપી હતી. આ ઉપરાંત ૧૫ વર્ષથી જૂનાં વાહનો સીઝ કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. પ્રદૂષણ નિયંત્રણ માટે સંબંધિત વિભાગો વચ્ચે સંકલન સાથે કડક કાર્યવાહી કરવા ભાર મૂકવામાં આવ્યો હતો.બસ સ્ટેન્ડ પર લાઇન દોરાવા કમિશનરની તાકીશહેરમાં જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે ૪,૫૦૦ બસ સ્ટેન્ડ પર લાઇન દોરવાની કામગીરી ઝડપી બનાવવા પણ કમિશનરે તાકીદ કરી હતી. બસ સ્ટેન્ડ પર યોગ્ય માર્કિંગ થાય જેથી બસો નિર્ધારિત જગ્યાએ જ ઊભી રહે અને ટ્રાફિક વ્યવસ્થામાં અવરોધ ન સર્જાય તે દિશામાં કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.દબાણો દૂર નહીં કરનાર અધિકારીઓનેશો-કોઝ નોટિસની ચીમકીશહેરમાં અંડરગ્રાઉન્ડ યુટિલિટી અને શાકમાર્કેટની આસપાસનાં રસ્તાઓ પરનાં દબાણો દૂર કરવાની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ દબાણો દૂર કરવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓને શો-કોઝ નોટિસ આપવાની ચીમકી કમિશનરે ઉચ્ચારી હતી. કામગીરીમાં ઢીલાશ દાખવનારા અધિકારીઓ સામે જવાબદારી નક્કી કરવાની પણ વાત કરવામાં આવી હતી.શૌચાલયોની જાળવણીમાં ખામી બદલ અધિકારીઓને ટકોરબેઠકની શરૂઆત જાહેર શૌચાલયોના બ્લોક અંગેના પ્રેઝન્ટેશનથી કરવામાં આવી હતી. પૂર્વ ઝોન સહિતનાવિસ્તારોમાં શૌચાલયોની જાળવણીમાં અનેક ખામીઓ સામે આવી હતી. ક્યાંક પેઇન્ટિંગ યોગ્ય રીતે થયું નહોતું તો ક્યાંક દરવાજા, બારીઓ,લાઇટઅનેપાઇપલાઇનની સમસ્યાઓહતી.આ મુદ્દે કમિશનરે ડેપ્યુટી કમિશનરોને આડે હાથે લેતાં કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવતી ન હોવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. શૌચાલયોની આસપાસનાં દબાણો દૂર કરવા પણ સૂચના આપી હતી.શહેરમાં ૫૨ નવા શૌચાલય બ્લોક બનાવવાનું આયોજન છે, જેમાંથી ૨૭ સ્થળોની ઓળખ કરવામાં આવી

દિવાળી પૂર્વે જ મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો; દૂધ-દાળ, રાંધણ ગેસ, પેટ્રોલ બધું જ મોંઘું, જનતા લાચાર



દિવાળીના તહેવારો આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે રોજિંદી વપરાશની ચીજવસ્તુઓ જેવી કે ઘી, દાળ, ચોખા સહિત રાંધણગેસના ભાવમાં કમરતોડ વધારો નોંધાયો છે જેને પરિણામે ગૃહિણીઓનું બજેટ તો ખોરવાયું છે, રાંધણગેસ અને પેટ્રોલ, ડિઝલના પણ ભાવ વધ્યા છે જેથી આ વખતે દિવાળીની ઉજવણી પણ ફિક્કી બની રહે તેવી શક્યતા છે. દિનેદિને વધતી મોંઘવારીને લીધે સામાન્ય નાગરિકો અને મધ્યમ વર્ગના પરિવારની મુશ્કેલી વધી રહી છે. આ તરફ, તહેવારોની મોસમમાં જ કાળાબજારિયા, સંગ્રહખોરો અને ભેળસેળિયા તત્વો બેકાબૂ બન્યા છે તેમ છતાં સરકારે મોન ધારણ કરી લીધું છે.દિવાળી તહેવારોની રસોઈમાં જેનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેવા દૂધ અને તેની બનાવટોના ભાવ તો વધ્યા છે. અમૂલ દ્વારા ઘી અને બટરના ભાવમાં વધારો થયો છે. ૧ કિલો ઘીનું કાર્ટન રૂ. ૬૩૦થી વધીને સીધું રૂ.૮૦એટલે કે, રૂ.૫૦નો સીધો વધારો થયો છે. ૫૦૦ ગ્રામ શુદ્ધ ઘી પાઉચ રૂ.૩૨૫થી વધીને રૂ.૩૪૫ થયું છે. બટર ૧૦૦ ગ્રામમાં રૂ.૩ અને ૫૦૦ ગ્રામમાં રૂ.૧૫ વધ્યાં છે. એક તરફ ભાવ આસમાને છે તો બીજી તરફ તહેરોના સમયે બજારમાંથી અસલી ઘી ગાયબ થઈ ગયું છે એટલે જ બીજી તરફ, ભેળસેળ ઘી નો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. બજારમાં વિવિધ કઠોળના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે જેમકે, તુવેર દાળના કિલોએ રૂ.૧૦૦થી વધીને સીધી રૂ.૧૩૦ થઈ છે. મગની દાળનો ભાવ રૂ.૧૨૦એ પહોંચ્યો છે. આ ઉપરાંત ચણાની દાળનો ભાવ રૂ.૮૦થી વધીને રૂ.૯૫ પ્રતિ કિલો થયો છે. અડદની દાળનો કિલોનો ભાવ રૂ.૧૦૫ બોલાયો છે. આ ઉપરાંત, વડોદરા ગેસ લિમિટેડે પણ સીજીએનમાં પ્રતિ કિલો રૂ.૧.૫૦ અને ઘરેલું પીએનજીમાં ૫૦ પૈસાનો વધારો ઝીંક્યો છે. દિવાળી પહેલાં લેવાયેલા આ નિર્ણયને કારણે રિક્ષા ચાલકો, ટેક્સી ચાલકો, સ્કૂલ વાન ચાલકો અને નાના પરિવહનકારો આર્થિક રીતે બેઠા થઈ શકે તેમ નથી. ૧ નવેમ્બરથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ રૂ.૧૦થી ૧૭ સુધીનો વધારો કરાયો છે. અમદાવાદમાં પેટ્રોલ આશરે રૂ.૧૦૨ અને ડીઝલ આશરે રૂ.૮૨ પ્રતિ લિટરના ઊંચા સ્તરે વેચાઈ રહ્યું છે. મોંઘવારી કૂદકે ને ભૂસકે વધી રહી છે ત્યારે ઘણાં એવા પરિવારો છે, મર્યાદિત આવક વચ્ચે દિવાળીની ઉજવણી કઈ રીતે કરવી એ પણ મોટો સવાલ છે. કાળાબજારિયા, સંગ્રહખોરો અને ભેળસેળિયાઓ તકનો ભરપૂર લાભ મેળવી રહ્યા છે ત્યારે આમ જનતા કારમી મોંઘવારીમાં પીસાઈ રહી છે.મોંઘવારી નાથવામાં સરકાર નાકામ, દિવાળી પછી સ્થિતિ વકરશેમાત્ર કઠોળ જ નહીં, પરંતુ ચોખાના ભાવમાં પણ આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. ચોખાના વિવિધ જાતોના કિલોએ રૂ.૨૦-૨૫ સુધીનો સીધો વધારો નોંધાયો છે. મોંઘવારીનો બીજો મોટો ફટકો ઈંધણ ક્ષેત્રે પડ્યો છે. અદાણી ગેસ સીજીએનના ભાવમાં રૂ.૨.૩૦ પ્રતિ કિલોનો વધારો ઝીક્યો છે. આ વધારા સાથે જ અમદાવાદમાં સીજીએનનો ભાવ રૂ.૧૦૦.૭૭ પ્રતિ કિલો એ પહોંચી ગયો છે. છેલ્લા ૬ મહિનામાં સીજીએનના ભાવમાં ઓછામાં ઓછા ૬ વખત વધારો કરાયો છે.

CNG ૧૦૦ ને પાર, અદાણીએ ૧૪ દિવસમાં બીજી વખત CNGના ભાવ વધાર્યા, મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો



અમદાવાદમાં દિવાળી પૂર્વે જ અદાણીએ ઝદ્વય્ના ભાવમાં ૧૪ દિવસમાં બીજી વખત રૂ. ૨.૩૦નો વધારો ઝીંક્યો છે. અગાઉ ૨૩ ઓક્ટોબરે રૂ. ૪નો વધારો થયો હતો. આ નવા ભાવવધારા સાથે ઝદ્વય્નો ભાવ રૂ. ૧૦૦.૭૭ને પાર કરી ગયો છે. આ ભાવવધારો વાહનચાલકો અને મુસાફરો એમ બંનેને અસર કરશે, ખાસ કરીને ટેક્સી-રિક્ષાના ભાડામાં પણ વધારો થવાની શક્યતા છે .અમદાવાદીઓ ને દિવાળી પહેલા જ વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અદાણીએ સીએનજીના ભાવમાં માત્ર ૧૪ દિવસના ગાળામાં જ બીજો મોટો વધારે ઝીંકી દીધો છે. આ વખતે સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ.૨.૩૦નો વધારો ઝીંકવામાં આવતા સીએનજીના નવા ભાવ રૂ.૧૦૦.૭૭ ને વટાવી ગયો છે.ઉલ્લેખનીય છે કે અગાઉ અદાણીએ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ એકઝાટકે ૪ રૂપિયાથી વધુનો વધારો ઝીંકતા સીએનજી પ્રતિ કિલોએ રૂ.૯૮.૪૭ એ પહોંચી ગયો હતો. આ સાથે તહેવાર ટાણે જ હવે લોકોના ખિસ્સા પર મોટી કાતર ફરશે. ટેક્સી-રિક્ષાના ભાડા આકાશ આંબી શકે છે. વાહનચાલકોની સાથે સાથે મુસાફરોને પણ આ ભાવ વધારો નડશે એ નક્કી છે.અગાઉ ૧ ઓગસ્ટના રોજ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો વધારો થયો હતો. ત્યારબાદ ઓક્ટોબરમાં પણ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો એકઝાટકે વધારો કરાયો હતો અને હવે સીધો ૨.૩૦ રૂપિયાનો પ્રતિ કિલોએ વધારો આવતા ત્રણ મહિનામાં જ સીએનજીના ભાવ આકાશ આંબી ગયા છે અને ૧૦૦ને પાર જતા રહ્યા છે.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO-162
વિષય-પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિ નો વારસો
શીર્ષક- તમસોમા જ્યોતિર્ગમય
પ્રકાર- ગધ , શબ્દો-૧૭૦

પ્રકાશનું પર્વ દિવાળીમાં દીવો ડગમગ
દીવો એ આપણા આત્મતત્વનું પ્રતીક છે.એક નાની જ્યોત ઘોર અંધકારને ક્ષણ ભરમા છિન્નભિન્ન કરી દે છે તેમ જ્ઞાનનો એક નાનો અંશ માનવ ના અજ્ઞાનને દૂર કરે છે આ પર્વ
ભીતર ના અંધકાર કામ, ક્રોધ, મોહ,ઈર્ષ્યા અને વેરઝેર જેવા વિકારી વમળોનો વિલય કરી પે?મ, કરુણા,ત્યાગ,ક્ષમા,તથા સહનશીલતા જેવા સકારાત્મક તથા સાત્વિક તતવોથી ભરપુર કરી ને અમૃત માર્ગ તરફ દોરી જાય છે. પ્રત્યેક મનુષ્ય ઘરના આંગણા ને શણગારવાની સાથે જ પોતાના અંતરમાં પણ એક જ્ઞાનદીપ પ્રજ્વલિત કરવો પડશે માનવ પોતેજ પોતાનો પ્રકાશ કે દીવો બને આ સુત્ર આત્મનિર્ભર નો સંદેશ આપે છે .સાંસ્કૃતિક રીતે દીપોત્સવી નુપર્વ સંબોધની સુવાસ અને સામાજિક સદભાવનાનુ એક અદભૂત રસાયણ છે આંગણામાં દોરાતી રંગબેરંગી કલાત્મક રંગોળી અને ઉંબરે બંધાતા આસોપાલવ ના તોરણો આપણી અતિથિ દેવો ભવ ની ઉમદા ભાવના નેઉજાગર કરે છે .
ધનની દેવી લક્ષ્મી અને જ્ઞાનની દેવી શારદાનું એક સાથે પૂજન એ આપણી સંસ્કૃતિની વિશિષ્ટતા છે.
માનવ જાતને પ્રત્યેક પળે અસતયથી સત્ય તરફ અને અંધકાર થી પરમ પ્રકાશ તરફ ગતિ કરવા ની સતત
પ્રેરણા આપતું રહે છે.
અને જગત ને ઝગમગવાની સાથે મનના ગર્ભગૃહમાં સાત્વિક ઉર્જા વહાવી ને ભીતરની ઓજસધારા ને પ્રજ્વલિત કરવા નું અનુપમ મહાપર્વ છે. કહેવાય છે કે કારતકમાં દીપદાન કરવાથી પિતૃઓને સદગતિ મળે છે તેમજ શ્રી રામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા અસુરો ના ત્રાસથી પ્રજા મુક્ત થઈ એટલે બધા એ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ અવસર દીપોત્સવી પર્વ અને રોશની ની રાણી દિવાળી કહેવાય છે..?

રેખા રસિક નાકરાણી (મુંબઈ)
★★★★★★★
NOG SS NO 173.

વિષયઃ' પ્રકાશ નું પર્વ અને સંસ્કૃતિ નો વારસો '
પ્રકાર- પદ્ય.શબ્દો :૯૯

શીર્ષક -
' અંતર નાં ઉજાસ સંગ સંસ્કૃતિ નું પર્વ'

અંધકારને ચીરીને ઉગ્યો છે આશાનો સૂરજ રાજ
દીવડાઓની ઝળહળતી જ્યોતથી મહેકે છે
ઘર આંગણું આજ.

'તમસો મા જ્યોતિર્ગમય'ની ઋષિવાણી રાખીએ યાદ,
શમી જાય અજ્ઞાન,
અને અહંકાર; પ્રગટે છે જ્યારે દીપક આજ.

દીવડાં, રંગો, રંગોળી ને ફૂલો પ્રકૃતિની ભેટ છે રાજ,
વડીલોનાં આશીર્વાદથી મહેકે છે સંબંધો આજ.

'વસુધૈવ કુટુંબકમ' નો મંત્ર સદાય હૈયે રાખીએ રાજ ,
નિરાધાર નાં ચહેરા પર સ્મિત લાવવું એ સાચી પૂજા આજ.

ઘરોને જ નહીં,અંતરાત્માને પણ રોશન કરીએ રાજ , કરૂણા, પ્રેમ અને માનવતાનો દીવો કાયમ રહે પ્રજ્વલિત આજ.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ.
★★★★★★★
NOG SS NO.: 101
વિષય : દિવાળીઃ પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃબાહ્ય અજવાળાથી અંતરના અંધકાર સુધીની એક ચેતનાયાત્રા
પ્રકાર : લેખ શબ્દો : ૩૪૯

દિવાળી માત્ર દીપમાળાઓથી ઝળહળતી રાત્રિનું નામ નથી; એ તો ભારતીય સંસ્કૃતિની સહસ્રાબ્દી જૂની ચેતનામાં પ્રજ્વલિત એવો મહોત્સવ છે, જે માનવજીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાની પ્રેરણા આપે છે. આ પર્વની ઉજવણીમાં પરંપરાનો વૈભવ છે, શ્રદ્ધાનો સ્પર્શ છે અને અંતરાત્માને ઢંઢોળતી એક ગહન આધ્યાત્મિક અનુભૂતિ પણ છે.
રામના અયોધ્યા આગમનથી માંડીને લક્ષ્મીપૂજન, ચોપડાપૂજન અને નવા વર્ષના મંગલપ્રારંભ સુધી દિવાળી અનેક સાંસ્કૃતિક સ્મૃતિઓને પોતાની અંદર સમાવીને બેઠી છે. ઘરના ઉંબરેથી આંગણાં સુધી પ્રગટતા દીવાઓ, રંગોળીના રંગો, તોરણની શોભા, મીઠાઈની મીઠાશ અને સ્વજનોના મિલનનો આનંદ. આ બધું મળીને જીવનમાં ઉત્સવની એક અનોખી સૃષ્ટિ રચે છે. પરંતુ આ બાહ્ય ઉજવણીની પાછળ એક આંતરિક અર્થ પણ છુપાયેલો છે.
પ્રશ્ન એ છે કે ઘરના દરેક ખૂણાને પ્રકાશિત કરનાર માણસ પોતાના અંતરના અંધકારને કેટલો દૂર કરી શક્યો છે? દીપ પ્રગટાવવો સહેલો છે, પરંતુ અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, લોભ અને સંકુચિતતાના અંધકારને ઓગાળવા માટે આત્મમંથનની જરૂર પડે છે. સાચી દિવાળી ત્યારે જ અવતરે છે, જ્યારે મનુષ્ય પોતાના અંતરમાં પડેલા અંધારા ખૂણાઓને ઓળખવાની હિંમત કેળવે છે.
આજના ઉપભોક્તાવાદી યુગમાં દિવાળી ક્યારેક ઝાકઝમાળ, ખરીદી અને દેખાડાની સ્પર્ધામાં પોતાનું મૂળ તત્ત્વ ગુમાવતી જણાય છે. પ્રકાશના પર્વમાં વીજળીના અજવાળાં વધ્યાં છે, પરંતુ સંબંધોમાં સંવેદનાનો પ્રકાશ કેટલો વધ્યો છે? મોંઘી ભેટોની આપલે વચ્ચે કોઈ એકલવાયા હૃદયને હૂંફ આપવાનો વિચાર કેટલા મનમાં જન્મે છે? કદાચ આ જ પ્રશ્નો દિવાળીના સાચા અર્થ તરફ આપણને પાછા વાળે છે.
દિવાળીનો દીપ આપણને શીખવે છે કે પ્રકાશનું મૂલ્ય અંધકારની ગેરહાજરીમાં નહીં, પરંતુ અંધકાર સામે અડગ ઊભા રહેવાની તેની ક્ષમતામાં રહેલું છે. એક દીવો બીજા દીવાને પ્રગટાવે ત્યારે પોતાનું તેજ ગુમાવતો નથી; ઊલટું, પ્રકાશનો વિસ્તાર કરે છે. માનવીય જીવનનું પણ આ જ શાશ્વત સત્ય છે. સ્નેહ વહેંચવાથી ઘટતો નથી, કરુણા આપવાથી ક્ષીણ થતી નથી અને જ્ઞાન વહેંચવાથી ઓછું થતું નથી.
આથી દિવાળી માત્ર ઘરમાં દીવા પ્રગટાવવાનો ઉત્સવ નથી; તે અંતરમાં મનુષ્યત્વ પ્રગટાવવાનો સંકલ્પ છે. જે દિવસે આપણા વિચારોમાં નિર્મળતા, વર્તનમાં ઉદારતા અને હૃદયમાં પરોપકારનો દીપ પ્રગટશે, તે જ દિવસે દિવાળી પોતાની સાચી સાંસ્કૃતિક ગરિમા સાથે આપણા જીવનમાં અવતરશે. કારણ કે દિવાળીનું સૌથી મોટું અજવાળું આકાશમાં નહીં, મનુષ્યના અંતરમાં પ્રગટે છે.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★★
NOG NO. 0059
વિષય પ્રકાસનું પર્વ
અને સંસ્કૃતી
નો વારસો.
પ્રકાર :હાઈકૂ પાંચ

હર ઊત્સવ
એટલે સંસ્કૃતિ નો
ખ્યારે' પૈગામ !

દરેક પર્વ
છે અમર સંસ્કૃતિ
નો સાંચો દૂત

લાવે ઊત્સવ
આપણી સંસ્કૃતિ નું
અમૃતપાન !

આવે ઊત્સવ
ખીલે ભાઈચારાની
પ્યારે' ભાવના !

પ્રકાશ પર્વ
દિપોત્સ્વી એટલે
જ્ઞાન નો પૂંજ !

લેખક જયકાન્ત ઘેલાણી
પ્યારે'.
મુંબઈ.
★★★★★★★
NOG SS NO: 334
વિષય :-પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક :- વારસાનો દીવો
પ્રકાર. :- પદ્ય (ગઝલ) શબ્દોઃ-૧૨૦

એક દીવો પ્રગટે ને ઘર આખું સંસ્કારે અજવાળે છે,
એક દીવો પ્રગટે ને મન આખું તહેવારે અજવાળે છે.

વડવાઓની હૂંફ હજી પણ મારા સથવારે અજવાળે છે,
એમની વાતોનો દીવડો અંદર પગથારે અજવાળે છે.

અંધારું એટલે તો દીવાનું મૂલ અંધારે અજવાળે છે,
એમ જ વારસો પણ દુઃખના દિવસે દ્વારે અજવાળે છે.

માટીના કોડિયામાં સૂરજ કરતા સારે અજવાળે છે,
એ ઝાંખો લાગે પણ પવન સામે પ્યારે અજવાળે છે.

રંગોળી, તોરણ, ગીત, આ બધું એક જ ધારે અજવાળે છે,
પેઢીથી પેઢી સુધી વહેતું નીર સતત ધારે અજવાળે છે.

આ દેશનો વારસો કોઈ સંગ્રહાલયમાં ક્યાં અજવાળે છે,
એ તો ચૂલે, ખેતરે, ને માના હેતે અજવાળે છે.

'સ્નેહદીપ' બળે છે તો ખુદ અંધારું પણ લજવાડે અજવાળે છે,
હું હોઉં ના હોઉં, મારા શબ્દો સદા તારે દ્વારે અજવાળે છે.

મહેશ રાઠોડ ' સ્નેહદીપ ' (અમદાવાદ)
★★★★★★★
દ્વિ. જીજી દ્વિ: ૧૯૪
વિષય : પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક : પ્રકાશનું પર્વ "દિવાળી"
પ્રકાર પદ્ય,શબ્દ :૧૦૧

"?આવ્યું પ્રકાશનું પર્વ "દિવાળી",અજાણ્યું અજવાળું લઈ,
દશે દિશામાં દીવા પ્રગટ્યા, મલક મલક થઈ.

?આ સંસ્કૃતિનો વારસો છે, આપણો અમૂલ્ય સાચો,
જેણે અંધારાં મિટાવીને, માનવીયતાનો રચ્યો સેતુ પાકો.

પ્રકૃતિના ?સર્જનથી ધબકતી, ધરતી આપણી મા છે, હૃદયમાંની આ ઓળખ, એ આપણી શાન
આભાર - નિહારીકા રવિયા છે.

?આંગણામાં પુરાય હેતની રંગોળીને,સ્નેહના દીવા બળે,
દિવાળી પર્વ આચાર -વિચારની, સુવાસ ફેલાવતી દેશ-વિદેશમાં બધે.

?વેદ-પુરાણોની ગાથા, આપણો પ્રાચીન ઈતિહાસ છે,
સંસ્કૃતિની સચવાતી ગર્વીતતાથી, ધબકતો આપણો શ્વાસ છે.

?આપણી પરંપરાનો દીવો,અવરિત પ્રજ્વલિત થયેલો રહે,
વધતી પેઢીએ જ્ઞાનથી ,પલ્લવીતને વિકસિત થયેલો રહે.

?ચાલો સૌ પ્રકાશનું પર્વ ઉજવીએ હર્ષ અને ઉલ્લાસથી,
ખ્યાતિની પ્રાર્થના... કે સચવાય આ અમૂલ્યવારસો અખૂટવિશ્વાસથી."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.
★★★★★★★
દ્વિ. જીજી દ્વિ: ૩૮૪
વિષય : પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક : હું કોડિયું બનું જીવન આખું
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૬
હરખ મને ઘણો હતો, હું કોડિયું બનું એક વાર,
કાચી માટીમાં ગૂંદાઈને, ચાકડે ચડું એક વાર.
ઘડવૈયાના હાથના ટેરવાં , મને આકાર આપતાં જાય,
કોમળ માટી માંથી ધીમે ધીમે, મારું અસ્તિત્વ ઘડાતું જાય.
ભઠ્ઠીમાં શેકાઈ શેકાઈને, અગ્નિની કસોટી પાર કરી,
આખરે કોડિયું બનીને, નવી ઓળખ મેં ધારણ કરી.
રંગરોગાનથી સજ્જ બનીને, ફરી અગ્નિપરીક્ષા આપી,
કોઈ ખરીદનાર મારો મોલ ચૂકવી, મને ઘરે લઈ ગયો.
દિવેટ બની, તેલથી ભરાઈ, ફરી અગ્નિનો સાથ મળ્યો,
પોતે બળીને ઓગળતાં ઓગળતાં, પ્રકાશનો નાતો જોડ્યો.
મારું જીવન સાર્થક થયું, એ જ આનંદ રહ્યો અપાર,
પોતે બળીને પ્રકાશ ફેલાવવો, એ જ જીવનનો સાચો શણગાર!
ડો સતીષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક "(અમદાવાદ)

સત્ય એક જ છે,જ્ઞાનીઓ તેને અનેક નામે બોલાવે છે- બૃહદારણ્યક ઉપનિષદથી ભૃગુ ઋષિ સુધીની યાત્રા

દીપોત્સવી તહેવારો શરૂ થયા છે ત્યારે હૃદય મનથી એકદમ ફ્રેશ તાજા થઈ ઉત્સવોનો આનંદ માણીએ અને નવું વિક્રમ સંવત -૨૦૮૩નું નવું વર્ષ સર્વદા સુખ શાંતિ સમૃદ્ધિમય આરોગ્યપ્રદ નીવડે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થનાસહ આજના લેખની શરૂઆત કરીએ તો આપણે ત્યાં કોઈ પૂછે કે હિન્દુ ધર્મ માં કેટલા દેવ છે, તો જવાબ તરત મળે-૩૩ કરોડ.પણ શું ખરેખર આટલા દેવો આકાશમાં ક્યાંક ભીડ કરીને બેઠા છે?શું તેમની વસ્તી ગણતરી થઈ છે?

સત્ય એ છે કે આ ૩૩ કરોડની વાત એ ભાષાનો ભ્રમ છે, ધર્મનો નહીં. આપણા ઋષિઓએ તો આખી વાતને ત્રણ લીટીમાં પતાવી દીધી હતી, અને એ વાત સમજાઈ જાય તો માણસના મનમાંથી બધી મૂંઝવણ,બધી તુલના,બધી ઊંચ- નીચની લડાઈ પૂરી થઈ જાય.

દેવ એટલે શું અને ૩૩ કોણ છે?

સંસ્કૃતમાં દેવ શબ્દ'દિ' ધાતુ પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે પ્રકાશ આપવો, ચમકવું. જે ગુણ, કર્મ, સ્વભાવ, દિવ્ય સ્વરૂપ અને ઈચ્છિત ફળ આપવાની શક્તિમાં શ્રેષ્ઠ છે, તે દેવ.

આપણી આસપાસ જે કંઈ આપણ ને ટકાવે છે, પ્રકાશ આપે છે, જીવન આપે છે, તે બધા દેવ જ છે.

બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયમાં ઋષિ યાજ્ઞવલ્ક્યને પૂછવામાં આવે છે - દેવ કેટલા? યાજ્ઞવલ્ક્ય કહે છે - વાસ્તવમાં ૩૩ જ છે.કયા ૩૩?૮ વસુઃ અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, સૂર્ય, દ્યુલોક આકાશ, ચંદ્ર અને તારા.વસુ એટલે જેના પર બધું વસેલું છે.આ આઠ વગર સૃષ્ટિ ટકી જ ન શકે. આજના વિજ્ઞાનની ભાષામાં કહીએ તો આ આઠ એ સૃષ્ટિના આઠ મુખ્ય તત્વો છે.૧૧ રુદ્રઃ આપણા શરીરમાં રહેલા પાંચ જ્ઞાનેન્દ્રિયો -આંખ, કાન, નાક, જીભ, ત્વચા, પાંચ કર્મેન્દ્રિયો - વાણી, હાથ, પગ, મળદ્વાર, મૂત્રદ્વાર અને અગિયારમું મન. આ અગિયાર જ્યારે શરીર છોડે છે, ત્યારે સ્વજનોને રડાવે છે, એટલે તે રુદ્ર. આ અગિયાર જ આપણને જગતનો અનુભવ કરાવે છે.૧૨ આદિત્યઃવર્ષના બાર મહિના ના બાર સૂર્ય. સમયના બાર સ્વરૂપો. આદિત્ય એટલે જે સતત ગતિ કરે છે અને આપણું આયુષ્ય લે છે.૧ ઈન્દ્ર અને ૧ પ્રજાપતિઃમેઘ,વાદળ, વીજળી-જે ઐશ્વર્ય આપે તે ઈન્દ્ર, અને સમગ્ર જીવસૃષ્ટિ નું પોષણ કરનારી પ્રકૃતિએ પ્રજાપતિ.

આમ ૮+૧૧+૧૨+૨ = ૩૩. આ કોઈ આકાશમાં બેઠેલા માણસો નથી, આ આપણી જ સૃષ્ટિ અને આપણા જ શરીરને ચલાવતા ૩૩ મુખ્ય સિદ્ધાંતો છે.

ઋષિઓ આગળ કહે છે- વાસ્તવ માં બધું ૬ માં સમાયેલું છે - અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, સૂર્ય અને દ્યુલોક. અને ૬ પણ ૩ માં - ત્રણ લોક. ૩ પણ ૨ માં - જડ અને ચેતન. ૨ પણ ૧ માં - પ્રાણ. અને પ્રાણ પણ એક જ પરમ તત્વમાં.

તો ૩૩ કરોડ ક્યાંથી આવ્યું? સંસ્કૃતમાં 'કોટિ' શબ્દના બે અર્થ થાય છે - એક 'પ્રકાર' અને બીજો 'કરોડ'. ઋગ્વેદમાં ૩૩ કોટિ એટલે ૩૩ પ્રકારના દેવોની વાત હતી, તેનું ભાષાંતર લોકોમાં ૩૩ કરોડ થઈ ગયું. જેમ આપણે કહીએ - છત્રીસ જાતના પકવાન,એટલે પ્રકાર, ગણતરી નહીં.

ઋગ્વેદનો સૌથી ક્રાંતિકારી મંત્ર છે - ઋગ્વેદ ૧/૧૬૪/૪૬

અર્થાત - સત્ય એક જ છે, જ્ઞાનીઓ તેને અનેક નામોથી બોલાવે છે. તેને જ કોઈ અગ્નિ કહે છે, કોઈ યમ, કોઈ માતરિશ્વા, કોઈ ઈન્દ્ર, મિત્ર, વરુણ, ગરુડ, ગરુત્માન કહે છે.

એક મહાસાગર છે. તેના કિનારે હજારો લોકો પાણી લેવા આવે છે. કોઈ લોટો લાવે, કોઈ બાલદી, કોઈ માટલું, કોઈ ચાંદીનો પ્યાલો, કોઈ સોનાનો કળશ. પાણી ભરાયા પછી કોઈ કહે મારી પાસે લોટાવાળું પાણી છે, કોઈ કહે મારી પાસે બાલદીવાળું પાણી છે. ઝઘડો થાય મારું પાણી મોટું,તારું નાનું.પણ ડાહ્યો માણસ હસીને કહે-અરે ભાઈ, વાસણ જુદા છે, પાણી તો એક જ છે,સમુદ્ર તો એક જ છે.

બ્રહ્મા,વિષ્ણુ,મહેશ,લક્ષ્મી,સરસ્વતી, દુર્ગાએ બધા વાસણ છે. ઈશ્વરનું કાર્ય જુદું જુદું દેખાડવા માટે આપણા ઋષિઓએ નામ જુદા આપ્યા. સર્જન કરે તે બ્રહ્મા, પાલન કરે તે વિષ્ણુ, સંહાર કરે તે શિવ. પણ શક્તિ તો એક જ છે, જેમ વીજળી એક જ છે, પણ ક્યાંક પંખો ફેરવે, ક્યાંક બલ્બ કરે, ક્યાંક ફ્રીજ ચલાવે.જે આ સમજે છે, તે ક્યારેય ઝઘડો કરતો નથી કે મારો દેવ મોટો, તારો નાનો.

ત્રિદેવની પરીક્ષા ભૃગુ ઋષિનું દૃષ્ટાંત આ જ વાતને સમજાવવા માટે આપણા પુરાણોમાં ભૃગુ ઋષિની અદભૂત કથા છે.

એકવાર ઋષિઓમાં વિવાદ થયો - ત્રણ મુખ્ય દેવોમાં સર્વશ્રેષ્ઠ કોણ? બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ?સમાધાન માટે બ્રહ્માના પુત્ર ભૃગુને મોકલવામાં આવ્યા.

ભૃગુ બ્રહ્મલોક ગયા.પિતા બ્રહ્મા પુત્રને જોઈ પ્રસન્ન થયા,પણ ભૃગુએ પ્રણામ ન કર્યા, આદર ન આપ્યો. બ્રહ્માજીને અહંકાર આવ્યો, ક્રોધ આવ્યો અને તે મૌન થઈ ચાલ્યા ગયા.જ્યાં હજુ સર્જનના અહંકાર માં ×હું કરું છું× નો ભાવ છે,ત્યાં શાંતિ નથી.

ભૃગુ કૈલાસ ગયા.શિવજી પ્રેમથી આલિંગન કરવા આવ્યા,પણ ભૃગુએ કહ્યું-તમે સ્મશાનમાં રહો છો, વેદ મર્યાદા તોડો છો, હું તમને નહીં મળું. શિવજીને ક્રોધ આવ્યો, ત્રિશૂળ ઉઠાવ્યું. જ્યાં સંહાર શક્તિ છે, ત્યાં તમોગુણ સાથે ક્રોધ સહજ છે.

ભૃગુ વૈકુંઠ ગયા.વિષ્ણુ ભગવાન શેષનાગ પર સૂતા હતા. ભૃગુએ રાહ જોઈ, વિષ્ણુ ન જાગ્યા તો ભૃગુએ તેમની છાતી પર જોરથી લાત મારી. જે છાતી પર લક્ષ્મીનો વાસ, જે છાતી પર ભૃગુનું જ ચિન્હ છે, ત્યાં લાત.

આ જગ્યાએ કથા અટકે છે અને આધ્યાત્મ શરૂ થાય છે. જો આ જ ઘટના આપણી સાથે થાય તો શું થાય? આપણે સામે લાત મારીએ, પોલીસ બોલાવીએ, સંબંધ તોડી નાખીએ.પણ વિષ્ણુએ આંખ ખોલી સામે ક્રોધથી ભરેલા ભૃગુ ઊભા છે. વિષ્ણુએ તરત જ તેમના કોમળ ચરણ પકડી લીધા અને અત્યંત નમ્રતાથી પૂછ્યું -×હે મહર્ષિ! મારી છાતી તો વજ્ર જેવી કઠોર છે, તમારા ચરણ તો કમળ જેવા કોમળ છે.તમને વાગ્યું તો નથી ને?×

જે લાત મારે છે, તેના પગની ચિંતા. જે અપમાન કરે છે, તેના દુઃખની ચિંતા. આ જ વિષ્ણુત્વ છે. આ જ સત્ત્વગુણ છે.

ભૃગુનું હૃદય પીગળી ગયું. તેમણે કહ્યું - સર્વશ્રેષ્ઠ વિષ્ણુ જ છે, કારણ કે સર્વશ્રેષ્ઠ તે જ છે જે અપમાનને પણ પ્રેમમાં ફેરવી શકે.

આ કથાનો આધ્યાત્મિક અર્થઃબ્રહ્મા એટલે આપણી અંદરનો રજોગુણ - કર્તાપણાનો અહંકાર. શિવ એટલે તમોગુણ ક્રોધ,સંહાર.વિષ્ણુ એટલે સત્ત્વગુણ ધીરજ,ક્ષમા,પ્રેમ. મનુષ્ય માં જ્યાં સુધી રજોગુણ અને તમોગુણ છે,ત્યાં સુધી તે નાનો-મોટો નક્કી કર્યા કરે છે. જ્યાં સત્ત્વગુણ પ્રગટે છે,ત્યાં તે બધામાં એક જ તત્વ જુએ છે.એટલે જ ભૃગુએ વિષ્ણુને શ્રેષ્ઠ કહ્યા,કારણ કે વિષ્ણુ એટલે બીજા માટે જીવવું,બીજાની પીડા સમજવી.

આજે આપણે પણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશમાં ઝઘડીએ છીએ - હું શૈવ, હું વૈષ્ણવ. પણ ભૃગુએ બતાવ્યું - શ્રેષ્ઠ તે નથી જે મોટું બોલે, શ્રેષ્ઠ તે છે જે નાનું બનીને બીજાને મોટું બનાવે.તો આપણે શું કરવું?આ બધા પરથી ત્રણ વાત સમજવા જેવી છે.પ્રકૃતિને દેવ માનોઃ૮ વસુ ઓ- અગ્નિ,પૃથ્વી,વાયુ,સૂર્ય,આકાશ આ જ ખરા દેવો છે.તેને બગાડશો નહીં,તેની પૂજા એટલે તેનું રક્ષણ. પૃથ્વીને પ્રદૂષિત કરવી એ દેવનું અપમાન છે.શરીરને મંદિર માનોઃ૧૧ રુદ્રો તમારી અંદર જ છે. આંખથી સારું જુઓ, કાનથી સારું સાંભળો, મનને પવિત્ર રાખો, તો બહાર મંદિર શોધવાની જરૂર નહીં પડે.

એકમાં અનેક અને અનેકમાં એક જુઓઃપાણીનું દૃષ્ટાંત યાદ રાખો. વાસણ સાથે ઝઘડો ન કરો, પાણીને ઓળખો.તમારા ઈષ્ટદેવને પૂજો, પણ બીજાના ઈષ્ટદેવનો અનાદર ન કરો, કારણ કે નામ જુદા છે,સત્ય એક જ છે-એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ.જ્યારે આ સમજણઆવશે ત્યારે ૩૩ કરોડની ગણતરી છૂટી જશે અને ૩૩ ની પાછળ રહેલા એકની અનુભૂતિ થશે. અને ત્યારે જ ખબર પડશે કે દેવ ક્યાંક દૂર વૈકુંઠ કે કૈલાસમાં નથી, દેવ તો એ જ છે જે તમારા અંદર ક્ષમા બનીને, પ્રેમ બનીને,પ્રકાશ બનીને બેઠો છે.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

આજની પેઢીને કદાચ ખબર નહીં હોય કે પ્રાઈમસ શું છે?અમદાવાદ : વસંત મહેતા (દાદુ)





આજથી લગભગ ૩૦ ૪૦ વર્ષ પહેલા હવા ભરવાવાળા સ્ટવ અને દિવેટવાળા સ્ટવ દરેક ઘેર ઘેર જોવા મળતા હતા કદાચ આજની પેઢી ને આ ખબર પણ નહીં હોય...! આજે આપણે આ સ્ટવ ને પ્રાઇમસ પણ કહેતા તો કોઈ તેને ભભમીયા સ્ટવ પણ કહેતા આ ભુલાયેલ એક અમૂલ્ય સાધન ... પ્રાઈમસ વિશે જાણીએ મૂળ સ્ટવ તરીકે ઓળખાતું રસોઈ કરવાનું સાધન, એને બનાવનારી

કંપનીનું નામ પ્રાઈમસ હતું. તેથી પ્રાઈમસ' તરીકે જાણીતો થયો.ફોટો સ્ટેટ મશીન બનાવતી કંપનીનું નામ ઝેરોક્સ હતું. પરંતુ આજે લોકો કોપી કરવાને જ ઝેરોક્સ કરવી કહે છે એમ કહે છે,...

આ પ્રાઈમસમાં પહેલાં કેરોસીનની ટાંકીના ઢાંકણમાં તેની સાથે રાખેલી ચાવી ટાઈટ કરવાની હોય પછીહિવા ભરીને તેના બર્નરમાં આવેલા લવિંગમાંથી કેરોસીન નીકળે ત્યારે, ચાવીથી હવા કાઢીને લવિંગનું કેરોસીન

સળગાવવામાં આવે છે. બર્નર ગરમ થાયિ પછી ફરીથી ચાવી ટાઈટ કરીને હવા ભરતાં પ્રાઈમસ ઘરઘરાટિ અવાજ કરતો ચાલે એટલે ભભમિયો પણ કહેતા.. લવિંગમાં કચરો ભરાઈ જાય ત્યારે એને સાફ કરવાની પાતળા વાયર/તારવાળી પિનનો ઉપયોગ કરવાનો હોય છે. લવિંગિ બગડે તો પડે છે. પ્રાઈમસ સાથે એને પેટાવવા માટે નોડો પણ બ જા ર મ ા મળતો....! દિવેટવાળા સ્ટવ જેમાં દશ દિવેટ અને પંદર દિવેટના સ્ટવ મળતા જેમાં દશ દિવેટવાળો સ્ટવ ૧૦ રૂપિયામાં અને પંદર દિવેટવાળો સ્ટવ ૧૫ રૂપિયામાં મળતા હતા ૧૯૮૦ -૧૯૮૨ ના વર્ષમાં મેં પાનકોરનાકાની દુકાનમાં નોકરી કરતો ત્યારે વેચેલ હતા. એ સમયે ફાનસ અને પ્રેટોમેક્સ ખુબ વેચાતા હતા.

આરોગ્ય અને સુખ-સમૃદ્ધિનો પર્વ: ધનતેરસ તથા ધન્વંતરિ જયંતીનું આધ્યાત્મિક મહત્ત્વ

દીપાવલીના પવિત્ર ઉત્સવનો પ્રારંભ ધનતેરસ એટલે કે ધનત્રયોદશીના દિવસથી થાય છે . આ દિવસે સોના કે ચાંદીના નવા નાણાં, વસ્ત્રો તથા નવાં ઉપકરણો ખરીદવાની શાસ્ત્રીય પરંપરા છે . શાસ્ત્ર મુજબ ધનત્રયોદશીના દિવસે લક્ષ્મીતત્ત્વ વિશેષ કાર્યરત હોય છે, જેથી નવાં ઉપકરણોની ખરીદી દ્વારા શ્રી લક્ષ્મીજીના ધનરૂપી સ્વરૂપનું આહવાહન થાય છે અને દ્રવ્યકોષમાં શુદ્ધ ધનનો સંચય કરવામાં મદદ મળે છે . શ્રીસૂક્ત અનુસાર કેવળ પૈસો નહીં, પરંતુ ★વસુ, જળ, વાયુ, અગ્નિ અને સૂર્ય જ સાચું ધન★ છે . વર્ષ દરમિયાન મહેનતથી કમાયેલા ધનમાંથી ઓછામાં ઓછો ૧/૬ ભાગ પ્રભુકાર્ય કે સત્કાર્ય માટે વ્યયકરવાથી ઘરમાં ધનલક્ષ્મી સદા વાસ કરે છે .

આ જ દિવસે દેવોના વૈદ્ય અને શ્રીવિષ્ણુના ૨૪ અવતારોમાંના એક એવા ★ભગવાન ધન્વંતરિની જયંતી★ પણ ઉજવવામાં આવે છે . ભગવાન ધન્વંતરિના ચાર હાથમાં શંખ, ચક્ર, જલૌકા (જેનો ઉપયોગ રક્તદબાણના ઉપચારમાં થાય છે) અને અમૃતકળશ બિરાજમાન છે . ધનતેરસના દિવસે વૈદ્યો ધન્વંતરિ દેવનું પૂજન કરીને લીમડાના ફૂલ, ૧૦-૧૨ પાન, ભીજવેલી ચણાની દાળ, મધ, જીરું, હિંગ અને મીઠું વાટીને તૈયાર કરેલો વિશેષ પ્રસાદ વહેંચે છે, જે સ્વાસ્થ્ય માટે અત્યંત હિતકારી છે .



સાંજના સમયે અકાળ મૃત્યુ (અપમૃત્યુ) ટાળવાના હેતુથી 'યમદીપદાન'કરવાની વિશિષ્ટ પરંપરા છે . તે માટે ઘઉંના લોટમાંથી બનાવેલા અને તલના તેલથી ભરેલા ૧૩ દીવા પૂજન કરીને ઘરની બહાર દક્ષિણ દિશા તરફ મુખ રાખીને પ્રગટાવવામાં આવે છે. સામાન્ય રીતે દીવા દક્ષિણાભિમુખ નથી રખાતા, પરંતુ આ દિવસે સૂર્યપુત્ર યમરાજને આ દીવા અર્પણ કરી અકાળ મૃત્યુના પાશમાંથી મુક્તિ અને સર્વ કલ્યાણ માટે ખાસ પ્રાર્થના કરાય છે.

સંદર્ભ : સનાતનનો ગ્રંથ 'તહેવાર, ધાર્મિક ઉત્સવ અને વ્રતો'

વાક્ બારસ અર્થાત માઁ સરસ્વતી: વાઘ બારસ યાને વાઘદેવ - એક તિથિ, અનેક પરંપરા! (સંત સુરા)

'કાગનો વાઘ કરવો'!! અર્થાત વાત સાવ નાની હોય પણ વાત-વાતમાં કાગનો વાઘ કરી નાંખે!

જયારે, 'વાઘ આવ્યો રે વાઘ'! એટલે કે, મજાક કરવા માટે ખોટી જ બૂમો મચાવવી! "વાઘ આવ્યો રે ભાઈ વાઘ આવ્યો! ધાજો રે ભાઈ ધાજો!" યાને કે, ક્યારેય ખોટું બોલવું નહીં, કારણ કે ખોટું બોલનારનો સાચું બોલે ત્યારે પણ કોઈ વિશ્વાસ કરતું નથી! મૂળો અને મુદ્દે...!

અને વાઘ એવો છે કે તેને કોઈ કહેતું નથી - તારું મોં ખોલ, તારા દાંત ગણાવ, તારું મોં ગંધાય છે! કારણ કે વાઘ નોહર વિનાનો નથી, દાંત વગરનો નથી. વાઘ જંગલનો રાજા છે - તેને પૂજવો પડે, તેની સામે બકરી બનીને લડવા ન જવાય.

દિવાળીનું પર્વ શરૂ થાય તે પહેલા આવે છે એક મહત્વનો દિવસ - આસો વદ બારસ. ગુજરાતમાં આ દિવસને વાક્ બારસ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસથી દિવાળીની શરૂઆત માનવામાં આવે છે. ઘરના ઉંબરા પૂજાવા લાગે છે, ચોપડા પૂજાવા લાગે છે, ઘરમાં દીવા પ્રગટે છે.

વાક્ શબ્દનો અર્થ શું છે? વાક્ એટલે વાણી. વાક્ એટલે વાણીની દેવી - માઁ સરસ્વતી. સંસ્કૃતમાં વાક્ દેવી એટલે સરસ્વતી. એટલે વાક્ બારસ એટલે વાણીની દેવીની બારસ. વિદ્યાની દેવીની બારસ.

પણ આજે સોશિયલ મીડિયાના જમાનામાં આ અર્થ ભુલાઈ રહ્યો છે. વોટ્સએપમાં, ફેસબુકમાં, ઈન્સ્ટાગ્રામમાં વાક્ નો વાઘ થઈ ગયો છે. લોકો સવારથી "હેપ્પી વાઘ બારસ" લખીને વાઘના ફોટા, વાઘના સ્ટિકર મોકલે છે. જાણે આજે વાઘની પૂજા કરવાની હોય! આ ગેરસમજ નથી, આ અજ્ઞાન છે. કાગનો વાઘ સમજવાની વૃત્તિ છે.

આ ગેરસમજનું કારણ શું છે? તેનું કારણ એ છે કે આ એક જ તિથિએ અનેક પૂજાઓ થાય છે. લોકો બધી પૂજાઓને એક જ સમજી લે છે. એટલે જ ભૌતિક તપાસ જરૂરી બને છે. આ તિથિએ કઈ કઈ પૂજાઓ થાય છે, તે સમજીએ તો ગૂંચવાડો દૂર થાય.

૧. વાક્ બારસ - માઁ સરસ્વતીની પૂજા

આ દિવસે માઁ સરસ્વતીની પૂજા થાય છે. માઁ સરસ્વતી હાથમાં વીણા લઈને બેઠી છે, બીજા હાથમાં પુસ્તક છે. તે હંસ પર બિરાજે છે. હંસ એટલે વિવેક. દૂધમાંથી પાણી અલગ કરવાની શક્તિ. સાચું-ખોટું પારખવાની શક્તિ. સત્ય અને અસત્યને અલગ કરવાની શક્તિ.

આ દિવસે વેપારી પોતાના ચોપડાની પૂજા કરે છે. આખું વર્ષ જે ચોપડામાં હિસાબ લખ્યો, જે વાણીથી વેપાર કર્યો, તે ચોપડાને વંદન કરે છે. વિદ્યાર્થી પોતાના પુસ્તકની પૂજા કરે છે. લેખક પોતાની કલમની પૂજા કરે છે. કારણ કે વાણી વગર વેપાર નથી, વિદ્યા વગર જીવન નથી. જે વાણીથી આપણે રોજી કમાઈએ છીએ, જે વિદ્યાથી આપણે આગળ વધીએ છીએ, તેની દેવી છે માઁ સરસ્વતી.

પરંપરા મુજબ બારસે સરસ્વતી, તેરસે લક્ષ્મી, ચૌદસે મહાકાળી - આ ત્રિદેવી પૂજનનો ક્રમ છે. પહેલા વિદ્યા, પછી સંપત્તિ, પછી શક્તિ. વિદ્યા વગરની લક્ષ્મી ટકતી નથી, વિદ્યા વગરની શક્તિ વિનાશ કરે છે. એટલે જ દિવાળી પહેલા સરસ્વતીની પૂજા આવે છે.

વાક્ બારસ એ વાણીની શુદ્ધતાનો દિવસ છે. મીઠું બોલવું, સાચું બોલવું, પ્રિય બોલવું - આ જ વાણીની પૂજા છે. વાણીથી કોઈને દુઃખ ન આપવું, કલમથી કોઈનું અહિત ન કરવું - આ જ સરસ્વતીની સાચી ઉપાસના છે.

૨. વસુ બારસ / ગોવત્સ દ્વાદશી - ગાયની પૂજા

આ જ તિથિનું બીજું નામ છે વસુ બારસ. વસુ એટલે ગાય. આ દિવસે ગાય અને વાછરડાની પૂજા કરવામાં આવે છે. તેને ગોવત્સ દ્વાદશી પણ કહે છે. નંદિની વ્રત પણ કહે છે.

મહારાષ્ટ્રમાં આ દિવસને વસુ બારસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં પણ ઘણા પરિવારો આ દિવસે ગાયની પૂજા કરે છે. ગાયને માતા માનવામાં આવે છે. ગાયના દૂધથી જીવન ચાલે છે. એટલે ગાય પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ દિવસ છે.

પૌરાણિક કથા મુજબ બ્રહ્માજીએ શ્રીકૃષ્ણના ગોપબાળકો અને વાછરડાઓને આ જ દિવસે પરત કર્યા હતા. એટલે આ દિવસ ગોવત્સ દ્વાદશી તરીકે ઉજવાય છે.

૩. ગુરુ દ્વાદશી - ગુરુની પૂજા

આ જ તિથિએ ગુરુ દ્વાદશી પણ આવે છે. માન્યતા મુજબ શ્રી વલ્લભાચાર્યએ આ દિવસે દેહ છોડ્યો હતો. એટલે વૈષ્ણવ પરંપરામાં આ દિવસને ગુરુ દ્વાદશી તરીકે યાદ કરવામાં આવે છે. ગુરુ વગર વિદ્યા નથી, ગુરુ વગર માર્ગ નથી. એટલે આ દિવસે ગુરુને વંદન કરવાનો મહિમા છે.

૪. ઉંબરા પૂજન અને પોડા બારસ

ગુજરાતીઓ આ દિવસથી ઉંબરા પૂજવાની શરૂઆત કરે છે. ઘરના ઉંબરાને હળદર-કંકુથી પૂજવામાં આવે છે. ઉંબરો એટલે ઘરની મર્યાદા, ઘરની રક્ષા. સૌરાષ્ટ્રમાં આ દિવસને પોડા બારસ પણ કહે છે. ચોમાસામાં બગડેલા ઘરના લીંપણના પોપડા ઉખેડવાની બારસ. ઘરની સાફ-સફાઈની શરૂઆત આ દિવસથી થાય છે.

૫. આદિવાસીઓની વાઘદેવ પૂજા - સૌથી મહત્વની કડી

હવે પ્રશ્ન છે - આદિવાસીઓ પણ પૂજા કરે છે, પણ કોની?! આ પ્રશ્નનો જવાબ ભૌતિક તપાસ વગર મળે તેમ નથી. કારણ કે શહેરમાં બેઠેલા લોકોને આદિવાસી પરંપરાની ખબર નથી.

ભૌતિક તપાસ મુજબ ગુજરાતના પૂર્વ પટ્ટીના જંગલ પ્રદેશોમાં - ડાંગ, વલસાડ, ધરમપુર, કપરાડા, વાંસદા, ઉમરગામમાં વસતા વારલી, કુકણા, ઢોડિયા, ભીલ, ગામિત, કોકણા સમાજ આ દિવસે વાઘદેવ / વાઘોબાની પૂજા કરે છે!

આદિવાસી સમાજ પ્રકૃતિ પૂજક છે. જળ, જંગલ, જમીન - આ ત્રણને તેઓ દેવ માને છે. વાઘ એ જંગલનો રાજા છે. જંગલમાં રહેતો વાઘ તેમના ગામનું રક્ષણ કરે છે, એવી તેમની શ્રદ્ધા છે. એટલે વાઘને તેઓ દેવ માને છે!

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સજનીબરડા ગામમાં વાઘબારસની ઉજવણી ખૂબ જ વિશિષ્ટ રીતે થાય છે. સવારે પહેલા ડુંગર પર માવલી માતાની પૂજા થાય છે. માવલી માતા એટલે ગામની રક્ષક દેવી, ડુંગરની દેવી. તે પછી ગામની વેશીએ વાઘદેવની આરાધના થાય છે!

ગામલોકો ઘરે ઘરેથી ચોખા, નાગલી, ભાત, બાજરી, વરઈ, ઉડદ, ઝીંડૂના ફૂલ એકઠા કરે છે. ગામની વેશીએ કે ખુલ્લી જગ્યાએ પથ્થર પર સિંદૂરથી વાઘનું ચિત્ર બનાવવામાં આવે છે. કેટલાક ગામોમાં લાકડા પર વાઘની આકૃતિ કોતરેલી હોય છે. તેની સામે પાંચ પાંદડા મૂકીને નવા પાકની ખીર, નાગલીનો રોટલો, દાળ-ભાતનું નૈવેદ્ય ધરાવાય છે. ધૂપ-દીપ કરવામાં આવે છે. પછી બધા ગામલોકો સાથે બેસીને જમે છે!

ઢોડિયા ગામોમાં તો એક અનોખી રમત પણ થાય છે. એક યુવાન શરીર પર પટ્ટા ચીતરીને વાઘ બને છે, બીજો યુવાન ગાય બનીને દોડે છે. વાઘ ગાયનો પીછો કરે છે. ગામલોકો તાળી પાડીને "દિન દિન દિવાળી, ગાય ભેંસ ઓવાળી" એવું ગીત ગાય છે. આ રમત પણ પૂજાનો જ ભાગ છે. તેનો સંદેશ છે - વાઘ અને ગાય, જંગલ અને ગામ - બંને સાથે રહેવા જોઈએ!

કુકણા અને વારલી સમાજ આસો સુદ બારસે, જ્યારે ઢોડિયા સમાજ આસો વદ બારસે આ પર્વ ઉજવે છે. તિથિમાં ફરક છે, ભાવમાં નહીં. ભાવ એક જ છે - પ્રકૃતિનું રક્ષણ, ગામનું રક્ષણ, ઢોરનું રક્ષણ!

મહારાષ્ટ્રના કોલી મહાદેવ સમાજમાં પણ આવી જ પરંપરા છે. તેઓ પથ્થર ધોઈને તેના પર સિંદૂરથી સિંહનું ચિત્ર બનાવીને ખીરનું નૈવેદ્ય ધરાવે છે. તેમની માન્યતા છે કે સિંહને પૂજવાથી તેમના ઢોરનું રક્ષણ થશે!

આ પરંપરાનો ઊંડો અર્થ છે. આદિવાસી સમાજ વાઘને મારતો નથી, વાઘને પૂજે છે. વાઘને દેવ માનવાથી જંગલનું રક્ષણ થાય છે. જો વાઘ રહેશે તો જંગલ રહેશે, જંગલ રહેશે તો ગામ રહેશે. આ જ પર્યાવરણનું સાચું વિજ્ઞાન છે. આજે શહેરોમાં વાઘ બચાવોની વાતો થાય છે, પણ આદિવાસીઓ તો સદીઓથી વાઘને પૂજીને બચાવે છે!

તો પછી ગેરસમજ ક્યાં થાય છે?

ગેરસમજ એ છે કે શહેરના લોકો વાક્ બારસને વાઘ બારસ સમજી લે છે અને આદિવાસીઓની વાઘદેવ પૂજાને ભૂલી જાય છે. અને આદિવાસીઓની પરંપરાને જાણ્યા વગર વાઘના ફોટા ફોરવર્ડ કરે છે!

સત્ય એ છે કે વાક્ બારસ અને વાઘ બારસ બંને સાચા છે. બંને એક જ તિથિએ
આભાર - નિહારીકા રવિયા આવે છે, પણ બંને અલગ પરંપરા છે. એક વાણીની પૂજા છે, બીજી પ્રકૃતિની પૂજા છે. એક સરસ્વતીની પૂજા છે, બીજી વાઘદેવની પૂજા છે. એક શહેરની પરંપરા છે, બીજી જંગલની પરંપરા છે. બંનેને તેના મૂળ અર્થમાં સમજવી જોઈએ.

કાગનો વાઘ ન સમજો. દરેક પરંપરાને તેના મૂળ અર્થમાં સમજો. વાણીની દેવીને વંદન કરો, ગાય માતાને વંદન કરો, ગુરુને વંદન કરો, માવલી માતાને વંદન કરો, વાઘદેવને વંદન કરો - આ જ ભારતની વિવિધતામાં એકતા છે.

આ વાક્ બારસે સંકલ્પ કરો - વાણી શુદ્ધ રાખીશું, વિદ્યાનું સન્માન કરીશું, પ્રકૃતિનું રક્ષણ કરીશું!
વાણી શુદ્ધ તો જીવન શુદ્ધ! વાક્ બારસની શુભેચ્છા! જય માઁ સરસ્વતી દેવી!

લેખક: સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા)

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ આંતરરાષ્ટ્રીય કક્ષા જીવનસાથી પસંદગી સમિતિ (સાતમી આવૃતિ જોગ)

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ આંતરરાષ્ટીય કક્ષા જીવનસાથી પસંદગી સંમેલન (પાંચમુ) અને (આવૃતિ છઠ્ઠી) આપણા સમાજ દ્વારા સેકટર -૭ લગ્નવાડી, ગાંધીનગર ખાતે ભવ્ય રીતે સફળતા પૂર્વક સપન્ન કર્યું હતું, જેમાં સમગ્ર ગુજરાત અને દેશ - વિદેશ થી બ્રાહ્મણો દ્વારા ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો, પણ હજુ ! છેવાડા ના ગામડા ના દીકરા/દીકરીઓ થી લઈ ને અમેરિકા- લંડન વગેરે તમામ દેશ - વિદેશ ના દીકરા/ દીકરીઓ સુધી આ સુવાસ ફેલાવાની છે, જેથી નીચે મુજબ સમાજ ની વેબસાઈટ ની ક્વૈહા પહોંચાડીશું, તો જરૂર સમાજ નું ઘણું મોટું કામ થશે, જે આપ સર્વે અને બ્રહ્મસમાજ ના વડીલ અને યુવાન આગેવાનો એ ખાસ કરવું પડશે, તો જ સમાજ ને યોગ્ય દિશા, માર્ગદર્શન અને સહકાર મળશે, અને સાચા અર્થમાં સેવા કરી કહેવાશે.

?? New From fillup improtant LINK. ???? https://shreesamastbrahmsamaj.com/create

૧) શ્રી સમસ્ત બ્રહ્મસમાજ નીીહ્વજૌ ની ??? ક્વૈહા માં હ્વક્વૈહી હ્વાીી હ્વદ્વિ હ્વૈહ્વક્વૈ કરવાની છેલ્લી તા.૩૧ ડિસેમ્બર - ૨૦૨૬ છે, જેને અગાઉ નામ નોંધાવ્યું હોય તેમને ફરીથી નોંધવાની જરૂર રહેશે નહીં.

૨) જે દીકરા/દીકરી નું સગપણ થયું હોય , તેઓ દ્વારા અમોને તા.૨૫/૧૨/૨૬ પહેલા નામ કમી કરવા ફરજિયાત જણાવવાનું રહેશે અન્યથા નામ ચાલુ રહેશે, તો તેની જવાબદારી સમાજ ની રહેશે નહીં, તેની ખાસ નોંધ લેવા વિનંતી છે, આથી પોતાની નૈતિક ફરજ સમજી્રટ્ઠંજટ્ઠટ્ઠ નંબર ૯૪૦૮૨૧૭૬૧૮ પર થયેલ સગપણ ની જાણ કરવાની રહેશે.

૩) આપડા બ્રહ્મસમાજ ની વેબસાઈટ ની ક્વૈહા માં હાલમાં ૨૪૦૦ જેટલા ઉમેદવારો દ્વારા નામ નોંધાયેલ છે, તેઓ જો સમાજ ના ગ્રુપ માં ના જોડાયા હોય તો સત્વરે જાણ કરી જોડાવવાની જવાબદારી તેમની રહેશે, જેથી તેમાં જરૂરી વિગતો મોકલી શકાશે.

૪) દર વર્ષ ની જેમ દિવાળી પહેલા ×શરદ પૂનમ નિમિતે× પસંદગી સંમેલન ગાંધીનગર/કર્ણાવતી ખાતે તો કરીશું જ, જેથી બહારગામ કે વિદેશ થી આવનાર ઉમેદવારો દ્વારા અગાઉ થીૅ ષ્ઠીીજ/ફૈંજીછ લઈ શકે અને જરૂર જણાયે વચ ગાળા નું સંમેલન થશે તો સમાજ દ્વારા જોડાયેલ ગ્રુપ માં જાણ કરીશું.

તો ! ભૂદેવો.... છે ને ! વર્ષો-વર્ષ નું જોરદાર ટ્વૈજૈંહીઅિ આયોજન !

સંપર્ક સૂત્રો – +૯૧૯૭૨૪૩૧૪૫૭૮, +૯૧૯૮૯૮૧૦૬૨૦૬, +૯૧૯૭૨૭૭૨૩૧૮૪. + ૯ ૧ ૯ ૯ ૨ ૫ ૬ ૦ ૪ ૮ ૦ ૫ , +૯૧૬૩૫૪૮૬૯૨૧૦.મહિલા પ્રમુખ:- મીતાબેન રાવલ

યુવા પ્રમુખ – યશ જોષી

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ આંતરરાષ્ટ્રીય કક્ષા જીવનસાથી પસંદગી સંમેલન સમિતિ વતી

(પરશુરામ ફાઉન્ડેશન પ્રેરિત)

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat